ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૩.૦૬.૨૦૧૭**

## નગરપાલિકા, તાલુકા પંચાયતની પેટાચૂંટણીઓમાં ભાજપાનો ભગવો લહેરાયો

--------------

## ભાજપમાં વિશ્વાસ વ્યકત કરવા બદલ પ્રજાજનોનો આભાર વ્યકત કરતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી

--------------

## શહેરી, ગ્રામીણ, યુવા, મહિલા, ખેડૂત, આદિવાસી એમ તમામ વર્ગો તથા સમાજોએ ભાજપા પર વિશ્વાસ વ્યકત કર્યો છે. - શ્રી જીતુભાઈ વાઘાણી

--------------

## જનતાના સમર્થનથી ભાજપાનો વિજયરથ અવિરત આગળ વધી રહ્યો છે. - ભરતભાઈ પંડ્યા

--------------

## કોંગ્રેસના આગેવાનોના વિસ્તારોમાં કોંગ્રેસનો કારમો પરાજય

--------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ, નગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટાચૂંટણીઓના પરીણામો અંગે ખુશી વ્યકત કરતાં જણાવ્યું હતું કે, નગરપાલિકા અને તાલુકા પંચાયતોમાં સર્વત્ર ભાજપનો ભગવો લહેરાયો છે. ભાજપામાં વિશ્વાસ વ્યકત કરવા બદલ શ્રી જીતુભાઈ વાઘાણીએ જાહેર જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ વિજયી સૌ ઉમેદવારો, કાર્યકર્તાઓ તથા શુભેચ્છકોને લાખ-લાખ અભિનંદન આપ્યા હતા. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પ્રત્યક્ષ રીતે કયાય ભાજપા સામે લડી શકે તેમ નથી અને હવે અપ્રત્યક્ષ રીતે એજન્ટોને ઉભા કરીને વર્ગ વિગ્રહ ફેલાવાનો પ્રયાસ કર્યો છે તેમજ ખેડૂતોને ઉશ્કેરીને અશાંતિ ફેલાવાનું કામ કોંગ્રેસ કરે છે તે જનતા જાણી ચૂકી છે. કોંગ્રેસની નકારાત્મકતાની રાજનીતિને ગુજરાતની આ શાણી સમજુ પ્રજા કયારેય સ્વીકારશે નહિ અને આગામી ચૂંટણીઓના પરીણામો પછી કોંગ્રેસ વિરોધપક્ષમાં બેસવાને લાયક પણ નહિ રહે તેવો દ્રઢ વિશ્વાસ શ્રી જીતુભાઈ વાઘાણીએ વ્યકત કર્યો હતો.

શ્રી જીતુભાઈ વાઘાણીએ પેટાચૂંટણીઓમાં કોંગ્રેસની કારમી હાર અંગે પ્રતિક્રિયા વ્યકત કરતાં જણાવ્યું હતું કે, નકારાત્મક રાજનીતિના કારણે કોંગ્રેસ આજે સમગ્ર દેશમાં નામશેષ થવાના આરે પહોંચી છે. પેટાચૂંટણીઓની કુલ ૩૭ બેઠકો પૈકી ભાજપાને ૨૩ બેઠકો મળી છે. જ્યારે કોંગ્રેસને ફાળે માત્ર ૧૩ જ બેઠકો આવી છે. પેટાચૂંટણી અગાઉ ભાજપા પાસે ૧૩ જ બેઠકો હતી જે વધીને હવે ૨૩ બેઠકો થઈ છે. જ્યારે કોંગ્રેસની પાસે ૨૨ બેઠકો હતી જે ઘટીને હવે માત્ર ૧૩ બેઠકો પર જ કોંગ્રેસ સમેટાઈ ગઈ છે. કોંગ્રેસની પરંપરાગત ૧૧ બેઠકો પણ ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. કોંગ્રેસના નેતા અહમદ પટેલના વિસ્તાર ભરૂચ, તુષાર ચૌધરીના વિસ્તાર તાપી જીલ્લાની વ્યારા તાલુકા પંચાયત, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના વિસ્તાર મધ્ય ગુજરાતમાં, કોંગ્રેસના કુંવરજી બાવળીયાના વિસ્તાર વાંકાનેર તેમજ કોંગ્રેસના પૂર્વ વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલના વિસ્તાર શિહોર તાલુકા પંચાયતની સખવદર બેઠક પણ કોંગ્રેસે ગુમાવી દીધી છે, આમ કોંગ્રેસે પોતાનો જનાધાર ગુમાવી દીધો છે અને શહેરી, ગ્રામીણ, યુવા, મહિલા, ખેડૂત, આદિવાસી એમ તમામ વર્ગો તથા સમાજોએ ભાજપા પર વિશ્વાસ વ્યકત કર્યો છે, તેમ શ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

...૨...

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ચૂંટણીમાં મળેલી ભવ્ય જીત અંગે આનંદ વ્યકત કરતાં પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું કે, પેટાચૂંટણીમાં ભવ્ય સફળતાના પગલે ભાજપાના કાર્યકર્તાઓ, શુભેચ્છકોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. સમગ્ર ગુજરાતના તમામ જીલ્લા/મહાનગરના ભાજપા કાર્યાલયો ખાતે ઢોલ-નગારાં, ત્રાસાના ભવ્ય નાદ, આતશબાજી કરી અને કાર્યકર્તાઓ પરસ્પર મોં મીઠા કરાવી આજની ભવ્ય જીતની ભવ્ય ઉજવણી કરી હતી.

પેટાચૂંટણીની વિસ્તૃત માહિતી આપતાં પ્રવકતાશ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, કુલ ૪૨ સીટની ચૂંટણી જાહેર થઈ હતી. જે પૈકી જીલ્લા પંચાયતની ૧ સીટની ચૂંટણી મોકૂફ રહી હતી. જ્યારે તાલુકા પંચાયતની ૪ આદિવાસી જનજાતિની અનામત બેઠકો પર ઉમેદવારોને નહિ મળતાં ચૂંટણી મુલતવી રહી હતી. કુલ ૩૭ના ચૂંટણીના પરીણામો આવ્યાં હતાં. જે પૈકી ભાજપાને ૨૩ અને કોંગ્રેસને ૧૩ સીટ અને ૧ સીટ અપક્ષને મળી છે. આ પેટાચૂંટણીમાં કોંગ્રેસ પાસેથી ભાજપાએ ૧૧ સીટો આંચકી લીધી છે. આમ, શહેરી, ગ્રામીણ તેમજ આદિવાસી એમ તમામ વિસ્તારોની પ્રજાએ પુન: ભાજપા પર વિશ્વાસ વ્યકત કર્યો છે અને આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં પણ પ્રચંડ જનસમર્થન થકી ભાજપાનો વિજયરથ આગળ વધશે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ